વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અનુદાનિત છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના જાતિવાર પ્રવેશની ટકાવારી નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**ઠરાવ ક્રમાંક: SJED/WRT/e-file/17/2025/1401/A-1 Section**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધા:-**

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૬/૦૮/૧૯૭૮નો ઠરાવ ક્રમાંક:- બી.સી.એચ.૧૪૭૮/૪૪૪૧-છ.

(૨) આ વિભાગનો તા.૨૬/૧૧/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:- પવછ/૧૦૯૭/૭૮૯/અ.૧.

(૩) આ વિભાગનો તા.૧૧/૧૧/૨૦૦૩નો ઠરાવ ક્રમાંક:- પવછ/૧૦૯૭/૭૮૯/અ.૧.

(૪) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક:વિજાક/છતલ/૨૦૨૫-૨૬/૨૩૯.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ (૧) થી (૩) પરના ઠરાવોથી વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અનુદાનિત(Grant in Aid) છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના જાતિવાર પ્રવેશની ટકાવારી નક્કી કરવામાં આવેલ હતી. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) પરના તા.૨૧/૦૫/૨૦૨૫ના પત્રથી વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અનુદાનિત છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) થી (૩) ના ઠરાવોથી નિયત કરેલ પ્રવેશની ટકાવારીમાં ફેરફાર કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના અનુદાનિત છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના જાતિવાર પ્રવેશની ટકાવારી નીચે મુજબ નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અનુદાનિત છાત્રાલય / આશ્રમશાળાની માન્ય સંખ્યા પૈકી ૭૦% બેઠકો પર સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગોના ( વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને અગ્રતા આપવી) બાળકોને પ્રવેશની અગ્રતા આપવી.

(૨) અનુદાનિત છાત્રાલય / આશ્રમશાળાની માન્ય સંખ્યા પૈકી ૨૦% બેઠકો પર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રવેશ આપવો.

(૩) અનુદાનિત છાત્રાલય / આશ્રમશાળાની માન્ય સંખ્યા પૈકી ૧૦% બેઠકો પર આર્થિક પછાતવર્ગના બાળકોને પ્રવેશ આપવો.

ઉક્ત ક્રમ-(૨) અને (૩) અન્વયે જ્યારે જે તે વિસ્તારના વસતિ પ્રમાણ મુજબ અનુક્રમે ૨૦% તથા ૧૦% બેઠકો પર જે તે વર્ગના બાળકો ન મળે તો ખાલી રહેલ ઉક્ત ૩૦% બેઠકો પર સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / આર્થિક પછાતવર્ગના ( વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને અગ્રતા આપવી) બાળકો પૈકી કોઈપણ બાળકને પ્રવેશ આપવાનો રહેશે.

ઉક્ત ક્રમ- (૧) મુજબ જો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની ૭૦% બેઠકો પણ પુરેપુરી ન ભરાય તો ખાલી રહેલ બેઠકોમાં ક્રમિક રીતે અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / આર્થિક પછાતવર્ગના બાળકો પૈકી કોઈપણ બાળકને પ્રવેશ આપવાનો રહેશે.

ઉક્ત જોગવાઈઓને ધ્યાને લઈ, ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) અને (૨) પરના ઠરાવ આથી રદ કરવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમ (૩) પરના ઠરાવમાં ઉપર મુજબનો ફેરફાર ધ્યાને લેવાનો રહેશે. આ ઠરાવની સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓને લગતી અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની તા.૨૦/૦૧/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર મુકવા સારૂ.)
- સિલેકટ ફાઈલ - ૨૦૨૬.

Signature Not Verified
Signed by: Girishchandra Prahladbhai Patel
Joint Secretary
Date:2026.01.30 17:05:02 +5:30

File No: SJED/WRT/e-file/17/2025/1401/A-1 Section
Approved By: Joint Secretary,A-1 Section,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign